# સ્માર્ટ ગુજરાત ફોર ન્યુ ઇન્ડિયા હેકેથોન ગ્રાન્ડ ફિનાલે સ્પર્ધા

## વિદ્યાર્થીઓ માટે જરૂરી સૂચનાઓ

1. સ્માર્ટ ગુજરાત ફોર ન્યુ ઇન્ડિયા હેકેથોન સ્પર્ધાના ગ્રાન્ડ ફિનાલેનું આયોજન નીચે જણાવ્યા મુજબ નક્કી કરવામા આવેલ છે.

| Sr. No. | Name of Center for Grand Finale | Date |
|---|---|---|
| 1 | Gujarat University , Ahmedabad | 10-11 August 2021 |
| 2 | Gujarat Technological University, Ahmedabad | |
| 3 | Institute of Infrastructure, Technology, Research and Management (IITRAM), Ahmedabad | |
| 4 | L. J Institute of Technology, Ahmedabad | |
| 5 | Indus University, Ahmedabad | |
| 6 | Pandit Deendayal Petroleum University, Gandhinagar | |
| 7 | Auro University, Surat | |
| 8 | Sarvajanik College of Engg. & Technology, Surat | |
| 9 | Birla Vishvakarma Mahavidyalaya Engineering College (BVM), Vallabh Vidyanagar | |
| 10 | Bhakt Kavi Narsinh Maheta University, Junagadh | |
| 11 | Marwadi University, Rajkot | |
| 12 | Babaria Institute of Technology, Vadodara | |
| 13 | Parul University, Vadodara | |
| 14 | Ganpat University, Mahesana | |

2. સ્પર્ધા સ્થળે હાજર તમામ વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી મેન્ટરે ૭૨ કલાક પહેલા કોવિડ 19-નો નેગેટીવ RCPTR/રેપિડ ટેસ્ટ કરાવવાનો રહેશે. અને રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલ કોવિડ-૧૯ની તમામ ગાઈડલાઇનનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
3. સ્માર્ટ ગુજરાત ફોર ન્યુ ઇન્ડિયા હેકેથોન સ્પર્ધાનું વિગતવાર સમયપત્રક ________________________ વેબસાઈટ પર ઉપલબ્ધ છે.
4. સ્માર્ટ ગુજરાત ફોર ન્યુ ઇન્ડિયા હેકેથોન સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓએ પોતાના મેન્ટર સાથે ઉપર જણાવ્યા મુજબની તારીખ અને સ્થળે સમયસર હાજર રહેવાનું રહેશે.
5. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ ટીમ સાથે મેન્ટર આવવા જરૂરી છે.
6. સ્માર્ટ ગુજરાત ફોર ન્યુ ઈન્ડિયા હેકાથોન સ્પર્ધામાં ભાગ લેવા બાબત નું બાંહેધરી પત્રક તમામ વિદ્યાર્થીઓએ અને મેન્ટરે ભરવાનું રહેશે. અને ભરેલ બાંહેધરી પત્રક સંસ્થા અને સ્પર્ધાના સ્થળે જમા કરાવવાનું રહેશે. બાંહેધરી પત્રકનો નમૂનો______________ વેબસાઇટ પર મૂકવામાં આવેલ છે.
7. આ સ્પર્ધા બે દિવસ માટે અને સતત ૩૬ કલાક ચાલનાર છે, તથા બે દિવસ માટે સંસ્થા/વતનના સ્થળ થી દૂર રહેવાનુ હોઈ તમામ વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લેવા બાબતે માતાપિતાની લેખિત મંજૂરી લેવાની રહેશે. અને તેની વિગતો સંસ્થામાં જમા કરાવવાની રહેશે.

8. આ સ્પર્ધામાં જે વિદ્યાર્થીઓને અન્ય શહેરની સંસ્થામાં ભાગ લેવા જવાનું હોય, તેઓએ સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસ (Non AC)/ટ્રેન(સ્લીપર કલાસ(Non AC))માં કરેલ મુસાફરીની ટીકીટનું ભાડું પોતાની સંસ્થા માથી મેળવી લેવાનું રહેશે.
9. સ્માર્ટ ગુજરાત ફોર ન્યુ ઈન્ડિયા હેકાથોન સ્પર્ધા માટે સંસ્થા લેવલે વિદ્યાથીઓ અને મેન્ટર્સને મદદરૂપ થવા માટે એક નોડલ ઓફિસરની નિમણૂક યજમાન સંસ્થા ખાતે કરેલ હશે, આ નોડલ અધિકારીનું નામ મોબાઈલ નંબર, જેવી વિગત તમામ વિદ્યાર્થીઓએ મેળવી લેવાની રહેશે.
10. સ્માર્ટ ગુજરાત ફોર ન્યુ ઇન્ડિયા હેકેથોન સ્પર્ધાનો આ તબક્કો Hardware / Software Edition છે, જેમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓએ સંબંધિત પ્રોબ્લેમનાં નિરાકરણ માટે Coding કરવાનું થતું હોય તો, વિદ્યાર્થીઓએ પોતાની સાથે પોતાનું લેપટોપ તથા અન્ય જરૂરી એસેસરીઝ/હાર્ડવેર પણ લાવવાની રહેશે. આ લેપટોપમાં જરૂરી સોફ્ટવેર પ્રી-ઈંસ્ટોલ કરવાના રહેશે અને સોફ્ટવેરના લાઈસન્સ સંબંધિત તમામ જવાબદારી વિદ્યાર્થીની રહેશે.
11. વિદ્યાર્થીઓએ સ્પર્ધાના પ્રથમ દિવસે સમયપત્રકમાં દર્શાવ્યા મુજબ સંબંધિત સ્થળે હાજર રહેવાનુ રહેશે અને બીજા દિવસે પ્રોગ્રામ પૂર્ણ થયે પોતાની સંસ્થા/વતન પરત ફરવાનું રહેશે. આ સ્પર્ધાના બન્ને દિવસ દરમ્યાન વિદ્યાર્થીઓએ ટીમ લીડર તથા મેન્ટર ફેકલ્ટી દ્વારા આપવામાં આવતી તમામ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.
12. સ્પર્ધાના સ્થળે વિદ્યાર્થીઓને આરામ કરવા માટે રેસ્ટ રૂમની વ્યવસ્થા સંબંધિત યજમાન સંસ્થા દ્વારા પુરી પાડવામાં આવશે.
13. સ્પર્ધાના સ્થળે વિદ્યાર્થીઓ માટે ચા-કોફી-નાસ્તો-લંચ-ડીનરની વ્યવસ્થા સંબંધિત યજમાન સંસ્થા દ્વારા પુરી પાડવામાં આવશે.
14. સ્પર્ધા સ્થળે હાજર તમામ વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી મેન્ટરે ૭૨ કલાક પહેલા કોવિડનો RCPTR અથવા રેપિડ ટેસ્ટ કરાવવાનો રહેશે. અને રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલ કોવિડ-૧૯ની તમામ ગાઈડલાઇનનું પાલન કરવાનું રહેશે.
15. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓએ સ્પર્ધાના સ્થળે આપવામાં આવતી તમામ સુચનાઓનું પાલન કરવાનું રહેશે તથા શિસ્ત અને સ્વચ્છતા જાળવવાની રહેશે.
16. સ્માર્ટ ગુજરાત ફોર ન્યુ ઇન્ડિયા હેકેથોન સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓની ટીમોએ તેઓના પ્રોબ્લેમના સોલ્યુશન માટે જરુરી પ્રોટોટાઇપ, કમ્પોનંટ અને અન્ય સાધન સામગ્રી સાથે લઇને આવવાનુ રહેશે.
17. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓએ લેપટોપ, મોબાઈલ તથા અન્ય કિમતી સામાન સાચવવાનો રહેશે. જો કોઈ સામાન ખોવાશે તો તેની સઘળી જવાબદારી વિદ્યાર્થીની પોતાની રહેશે. આ બાબતે યજમાન સંસ્થા કે વ્યવસ્થાપકની કોઈ જવાબદારી રહેશે નહી.